**:: આંક–૦૧ લગત હુકમ ::**

**ફોજદારી કેસ નં.: ૪૧૬૩૧૫/૨૦૨૫**

(૧) આ કામનાં આરોપી સામે ધી પ્રોહી એકટ કલમ–૬૬(૧)બી, ૮૫ તથા જી.પી.એકટ કલમ–૧૧૦, ૧૧૭ મુજબના ગુનાનો આરોપ છે અને તે આરોપી નાએ સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, પોતે મધ્યમ વર્ગ નાં માણસ છે અને અજાણતાં ગુનો થઈ ગયેલ છે તેમજ હવે પછી આવા પ્રકારનો ગુનો નહિ કરવાની ખાતરી આપેલ છે અને ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે. કુટુંબની તમામ જવાબદારી તેમનાં ઉપર હોઈ, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેનાં નિવેદનમાં સ્વેચ્છા પૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

(૨) આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સં જોગોને ધ્યાને લેતાં તેમજ **રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ **ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫(૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીનાં સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

આ કામનાં આરોપી **અજયભાઈ ઉર્ફે રોકી વિરસંગભાઈ ઠાકોર** નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે ધી પ્રોહી એકટ કલમ–૬૬(૧)બી, ૮૫ તથા જી.પી.એકટ કલમ–૧૧૦, ૧૧૭ મુજબના ગુના માટે તકસીરવાર ઠરાવી **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)** નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ના ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૬ જી, માહે. મે, સને – ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તારીખ: ૦૬/૦૫/ ૨૦૨૬

સ્થળ:– અમદાવાદ

**(શ્રીમતી ડી.આર.ઠાકુર )**

૩૬માં એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં.૧૯, અમદાવાદ શહેર.

કોડ નં. જીજે.૦૧૨૪૧